# આત્મા અને પરમાત્મા : પ્રેમ અને શ્રદ્ધાનું બંધન

ધર્મરંગ

વ્યોમા સેલર

ભારતીય સંસ્કૃતિ અને આધ્યાત્મિક પરંપરામાં 'આત્મા' અને 'પરમાત્મા'નો વિષય ખૂબ જ ગહન અને પવિત્ર માનવામાં આવે છે. માનવજીવનનો મૂળ પ્રશ્ન એ છે કે "હું કોણ છું?" અને "મારો પરમાત્મા સાથે શું સંબંધ છે?" આ પ્રશ્નોના ઉત્તર શોધવા માટે ઋષિ-મુનિઓએ તપ, ધ્યાન અને સાધના દ્વારા જે જ્ઞાન આપ્યું છે, તે આજે પણ માનવજીવનને પ્રકાશિત કરે છે.

આત્મા એટલે જીવનું સાચું સ્વરૂપ. શરીર નાશવંત છે પરંતુ આત્મા અવિનાશી છે. ભગવદ ગીતા મુજબ આત્માને અગ્નિ બાળી શકતો નથી, પાણી ભીનું કરી શકતું નથી અને વાયુ સૂકવી શકતો નથી. આત્મા સદૈવ અજર-અમર છે. જ્યારે પરમાત્મા સમગ્ર સૃષ્ટિના સર્જનહાર, પાલનહાર અને સંહારક છે. દરેક જીવમાં રહેલો દિવ્ય અંશ એટલે આત્મા અને તમામ આત્માઓનો મૂળ સ્ત્રોત એટલે પરમાત્મા.

આત્મા અને પરમાત્માનો સંબંધ સૂર્ય અને તેનાં કિરણો જેવો છે. જેમ કિરણ સૂર્યથી અલગ દેખાય છે પરંતુ તેનું અસ્તિત્વ સૂર્ય પર જ આધારિત છે, તેમ આત્મા પણ પરમાત્માનો જ અંશ છે. જીવાત્મા જ્યારે માયા, અહંકાર અને વિષયવાસનાઓમાં ફસાઈ જાય છે ત્યારે તે પોતાના મૂળ સ્વરૂપને ભૂલી જાય છે પરંતુ જ્યારે સાધના, ભક્તિ અને સત્યના માર્ગે ચાલે છે ત્યારે તેને પોતાના પરમાત્મા સાથેના સંબંધનો અનુભવ થાય છે.

ઉપનિષદોમાં કહેવામાં આવ્યું છે - 'અહં બ્રહ્માસ્મિ' એટલે કે 'હું જ બ્રહ્મ છું.' તેનો અર્થ એ નથી કે જીવ પરમાત્મા બની જાય છે પરંતુ આત્મામાં પણ પરમાત્માનો જ દિવ્ય પ્રકાશ રહેલો છે. જેમ સમુદ્રનું એક ટીપું સમુદ્રથી અલગ નથી, તેમ આત્મા પણ પરમાત્માથી અલગ નથી. આ સંબંધ પ્રેમ, ભક્તિ અને ચૈતન્યનો સંબંધ છે.

માનવજીવનનો મુખ્ય ઉદ્દેશ આત્માને પરમાત્મા સાથે જોડવાનો છે. જ્યારે મનુષ્ય સારાં કર્મ કરે છે, સત્ય બોલે છે, દયા રાખે છે અને ભક્તિ કરે છે ત્યારે આત્મા શુદ્ધ બને છે. શુદ્ધ આત્મામાં પરમાત્માનો પ્રકાશ વધુ સ્પષ્ટ રીતે અનુભવાય છે. તેથી જ સંતો કહે છે કે પરમાત્માને બહાર શોધવાની જરૂર નથી, તેઓ તો દરેકના હૃદયમાં વસે છે.

ભક્તિમાર્ગમાં આત્મા અને પરમાત્માનો સંબંધ પ્રેમી અને પ્રિયતમ જેવો માનવામાં આવે છે. મીરાંબાઈએ શ્રીકૃષ્ણને પોતાના પતિ અને પ્રાણપ્રિય માન્યા હતા. નરસિંહ મહેતાએ પણ ભક્તિ દ્વારા પરમાત્મા સાથે એકરૂપ થવાનો માર્ગ બતાવ્યો હતો. જ્યારે આત્મા સંપૂર્ણ સમર્પણથી પરમાત્માને સ્વીકારી લે છે, ત્યારે તેને અખંડ શાંતિ અને આનંદની પ્રાપ્તિ થાય છે.



યોગ અને ધ્યાન દ્વારા પણ આત્મા પરમાત્માની નજીક પહોંચી શકે છે. મનની ચંચળતા શાંત થાય ત્યારે આંતરિક ચેતના જાગૃત બને છે અને મનુષ્યને દિવ્ય અનુભૂતિ થાય છે. આ અનુભૂતિ શબ્દોથી પર છે. તે માત્ર અનુભવવાનો વિષય છે.

આ રીતે આત્મા અને પરમાત્માનો સંબંધ અત્યંત પવિત્ર, અવિનાશી અને આધ્યાત્મિક છે. આત્મા પરમાત્માનો જ અંશ છે અને અંતે તેણે પોતાના મૂળમાં જ લીન થવાનું છે.

**જ્યારે મનુષ્ય સારાં કર્મ કરે છે, સત્ય બોલે છે, દયા રાખે છે અને ભક્તિ કરે છે ત્યારે આત્મા શુદ્ધ બને છે. શુદ્ધ આત્મામાં પરમાત્માનો પ્રકાશ વધુ સ્પષ્ટ રીતે અનુભવાય છે**

જીવનનું સાચું સુખ સંપત્તિ કે ભૌતિક વસ્તુઓમાં નથી પરંતુ આત્માને પરમાત્મા સાથે જોડવામાં છે. જ્યારે મનુષ્ય આ સત્યને સમજી લે છે, ત્યારે તેનું જીવન શાંતિ, પ્રેમ અને આનંદથી ભરાઈ જાય છે. ભક્તિ એ માનવજીવનનો એક એવો પવિત્ર માર્ગ છે, જેમાં ભક્ત પોતાના હૃદયને પરમાત્મા સાથે જોડે છે. ભક્તિમાં પરમાત્મા સાથેનો સંબંધ માત્ર પૂજા કે પ્રાર્થનાથી સીમિત નથી પરંતુ તે આત્માની અંદરથી અનુભવાતો પ્રેમ, વિશ્વાસ અને સમર્પણનો સંબંધ છે. જ્યારે મનુષ્ય સાચા હૃદયથી ભગવાનનું સ્મરણ કરે છે, ત્યારે તેના મનમાં શાંતિ, આનંદ અને આત્મિક શક્તિનો વિકાસ થાય છે.

ભક્તિનો સંબંધ માતા-પિતા અને સંતાન જેવા નિ:સ્વાર્થ પ્રેમ પર આધારિત હોય છે. ભક્ત પોતાનાં સુખ-દુ:ખ, આશા-નિરાશા અને દરેક ભાવનાઓ પરમાત્માને અર્પણ કરે છે. પરમાત્મા પણ પોતાના ભક્તોની રક્ષા કરે છે અને તેમને સદમાર્ગ પર ચાલવાના આશીર્વાદ આપે છે. ભક્તિ દ્વારા મનુષ્યના હૃદયમાં દયા, કરુણા, ક્ષમા અને સત્ય જેવા ગુણોનો વિકાસ થાય છે. ભગવાન શ્રીકૃષ્ણે ભગવદ્ ગીતામાં કહ્યું છે કે, "જે ભક્ત પ્રેમથી મને યાદ કરે છે, હું હંમેશાં તેની સાથે રહું છું." આથી સ્પષ્ટ થાય છે કે ભક્તિમાં સૌથી મહત્ત્વપૂર્ણ વસ્તુ હૃદયની શુદ્ધતા અને અડગ શ્રદ્ધા છે. ભક્તિમાં કોઈ ભેદભાવ નથી; પરમાત્મા સાથેનો આ સંબંધ મનુષ્યને સારાં કર્મો તરફ પ્રેરિત કરે છે અને જીવનને અર્થપૂર્ણ બનાવે છે. તેથી ભક્તિ માત્ર ધાર્મિક ક્રિયા નહીં પરંતુ આત્માને પરમાત્મા સાથે જોડતો પવિત્ર અને અવિનાશી સંબંધ છે.

# ચોખા ખાવા માટે, વાવવા માટે!

બાઉલ કથા



લેફ્ટેનન્ટ સતીશ વ્યાસ

પશ્ચિમ બંગાળના હાવડા જિલ્લાના, બાઉરિયા ગામના સીમાડે, હુબલી નદીના પૂર્વકાંઠે, આશ્રમમાં અમે બેઠા હતા. સુંદર દાસ બાઉલનો આશ્રમ, થોડો આધુનિક, સુખસુવિધાવાળો હતો. આશ્રમમાં વીજળી-પાણીની સારી સગવડ હતી. તેથી લોકોનો આવરો-જાવરો વધુ હતો. સુંદરદાસ પાકશાસ્ત્રના નિષ્ણાત મનાતા. કોઈ પણ બાઉલઉત્સવમાં તેઓ ખૂબ જ ઉત્સાહથી, રસોઈનું કામ સંભાળતા. તેમને રાંધવા માટેના કાચા માલસામાન એટલે કે સીધાના જથ્થાની તથા ગુણવત્તાની ખૂબ જ પરખ રહેતી. તેઓ કેટલા માણસ માટે કેટલો જથ્થો જોઈશે તે ચોકસાઈપૂર્વક કહી શકતા તેમ જ આવેલ જણસની ગુણવત્તાનું સચોટ પરીક્ષણ કરી શકતા. તેમના આ ગુણોની પ્રશંસા કરીએ તે તેમને બહુ ગમતું નહીં.

તે હંમેશાં એક વાક્યમાં જવાબ આપતા,

'રાગ,પગડિ, રાન્ના,
ભાલો હય તહલે ભાલા!
(ગુજરાતીમાં કહીએ તો,
રાગ, પાઘ અને રસોઈ, બની જાય
પછી ત્યારે સારા કહેવાય)

તે રાત્રે અમે તેના આશ્રમે બેઠા હતા. પાવર કટને લીધે આશ્રમમાં અજવાળું નહોતું. અમે ઠંડી સામે રક્ષણ માટે ફળિયામાં તાપણું કરી બેઠા હતા. ત્યારે એક ખેડૂત સુંદર દાસ પાસે આવ્યો. તેના હાથમાં બે થેલી હતી.

આવીને તે ખેડૂતે કહ્યું , ''બાઉલ આ ચોખા પરીક્ષણ કરવા માટે લાવ્યો હતો પણ લાઈટ નથી તો કેવી રીતે જોઈશ?' '

સુંદર દાસ બોલ્યા, ''અરે બંધુ મારે કે તારે ક્યાં કંઈ જોવાનું છે? ક્યાં કંઈ બોલવાનું છે? તે તો ચોખા જ બોલશે!''

ખેડૂતે બંને ચોખાની થેલી બાઉલ પાસે મૂકી, બાઉલે સૂંઘીને કહ્યું, ''ઊંચી એવી જાતના કનકચૂર પ્રકારના ચોખા છે, ભાઈ! લગ્નમાં રાંધવા માટે ઉપયોગમાં લેવા છે કે પછી વાવવા માટે? ''



ખેડૂતે કહ્યું, ''હા, બાઉલ! દીકરીના લગ્નમાં જાનને જમાડવા માટે ઉપયોગમાં લેવા છે!''

બાઉલ બોલ્યો, ''ઠીક! પછી એક થેલીમાંથી મુઠ્ઠી ભરી ચોખા ઉપાડી તેણે રમાડતા રમાડતા સામે તાપણામાં નાખ્યા. તાપણામાં ભડકો થયો. થોડી વાર પછી વાતચીત કરી, બીજી થેલીમાંથી થોડા ચોખા પણ તે જ રીતે નાખ્યા. તાપણામાં કશો ફેરફાર ન જણાયો.

તેણે બાઉલ ખેડૂતને કહ્યું, ''ભાઈ! આ પહેલી થેલીનો માલ છે ને તેને કોઠીમાંથી કાઢી, ભાત બનાવજે, સરસ બનશે.''

ખેડૂત તો બંને થેલી લઈ ચાલ્યો ગયો. હવે અમે બાઉલને પૂછ્યું કે તેં કઈ રીતે આ પરીક્ષણ કર્યું?

અમારો પ્રશ્ન પૂરો થાય તે પહેલાં તો એક બીજો ખેડૂત આવી ચઢ્યો! તેની પાસે પણ ચોખાની બે થેલી હતી. તેણે પણ બાઉલને પરીક્ષણ માટે વિનંતી કરી.

બાઉલે તેની સાથે પણ વાત માંડી, ''બંધુ! તારે ઘરે તો કોઈ જથ્થાબંધ ભાત રાંધવા જેવો પ્રસંગ હજી આવી શકે એમ નથી! છોકરા છોકરી નાનાં છે! તો આ ચોખાનું પરીક્ષણ શું વાવવા માટે કરવાનું છે?''

**મનમાં પોલવાળા, છિદ્રવાળા અને છિદ્ર શોધનાર માણસો જાતે સળગવામાં અને સળગાવવામાં નિપુણ માણસો હોય છે! દ્રઢ મનોબળવાળા અને બળુકા બીજવાળા માનવી જ મનેર માનુષનું વૃક્ષ બનવામાં શ્રેષ્ઠ હોય છે**

ખેડૂતો બોલ્યો, ''હા, બાઉલ! ત્રણ વીઘા જમીનમાં વાવવા માટેની વાત છે, ચોખા તો આ બે જાતના ઘરમાં પડેલ છે પણ તું કહે તે વાવવા માટે વિચાર કરું!''

બાઉલે ફરીથી એક એક થેલીમાંથી મુઠ્ઠી ચોખા ઉપાડી, હાથમાં ફેરવી, આગમાં નાખ્યા! પહેલી થેલીના ચોખા પ્રજ્વલિત થયા, જ્યારે બીજી થેલીના ચોખા નાખ્યા, તે ચોખા અગ્નિમાં પ્રવેશતા શિથિલ થઈ ગયા! ચોખા ઝડપથી સળગ્યા નહીં! બાઉલે ખેડૂતને કહ્યું ''ભાઈ! બીજી થેલીના ચોખા વાવી દો! અસલ પાક આવશે!'' ખેડૂત ખુશાખુશાલ થઈ ચાલ્યો ગયો. અમે આ ચમત્કારને જોઈ રહ્યા. બાઉલ ક્યારેય કોઈ પણ કામમાં ચમત્કારના તત્ત્વને રજૂ કરતા નથી. તેવા તત્ત્વને તે વાતોમાં, ગીતોમાં ગાળી ચાળી નાખે છે. જ્યારે અહીં તો આ બાઉલ ચમત્કાર સામેથી બતાવે છે! અમે બાઉલને પૂછ્યું, ''શું તું ચમત્કાર, કાળો જાદુ વગેરે કરનાર, 'જિંદા હિંદુ પીર' તરીકે તારી જાતને સ્થાપિત કરવા માંગે છે? આવા ચમત્કારો....... ''

હજુ વાક્ય પૂરું બોલાય ત્યાં તો તે બાઉલ બોલ્યો, ''ના, ભાઈ! આમાં કોઈ ચમત્કાર નથી. દરરોજ માધુકરી કરનાર સિવાય કોઈને આ સમજમાં ન આવે!'' પછી વાતનું વ્યવહારિક જ્ઞાન આપતા બોલ્યા, ''પહેલો ખેડૂત જે આવ્યો હતો, તેને પોતાની પુત્રીના લગ્ન માટે જમણવારમાં ઉપયોગ અર્થે ધાન પસંદ કરવાનું હતું. મેં બંને થેલીમાંથી મુઠ્ઠી મુઠ્ઠી ધાનને અગ્નિને હવાલે કરી અને જોયું કે કયા ધાનમાં થોડી છિદ્રાળુતા છે? કયા ચોખા અંદરથી થોડા કઠીનતા મિટાવી અને પોચા પડ્યા છે? સુપાચ્ય થયા છે? જ્યારે ધાન્ય અંદરથી થોડું પોચું અને પોલું થાય ત્યારે તે સુપાચ્ય બને છે, ખાવાયોગ્ય જણાય છે, અંદરથી આ રીતે પોચું પડેલું ધાન્ય વધારે ઝડપથી પ્રજ્વલિત થાય છે. તેમ જ થયું. તેથી તેને રાંધવા માટે યોગ્ય ગણી, ખેડૂતને ચિંધ્યું.'' અમે પૂછ્યું, ''અને બીજા ખેડૂતના કિસ્સામાં શું હતું?'' બાઉલ બોલ્યા, ''ખૂબ જ સહજ! તે ખેડૂતને ધાન્ય વાવવા માટે ઉપયોગમાં લેવાનું હતું, તેની થેલીમાંથી પણ થોડા ચોખા પ્રજ્વલિત તાપણામાં સળગાવ્યા. તે ચોખા શ્રેષ્ઠ ભરાવદાર અને વજનવાળા હતા છતાં પણ તે સારી રીતે પ્રજવલિત થયા તેનો અર્થ એમ થાય કે તે ચોખા અંદરથી ઠોસ છે, જીવનરસથી ભરપૂર છે. આ પ્રકારના ચોખા ઊગવામાં બળુકા બીજ જેવા ગણાય. તેથી મેં તે ખેડૂતને આ ચોખા પસંદ કરવા કહ્યું. ''પછી હળવેથી બોલ્યો, ''આ અભ્યાસ અમે કંઈ ચોખા માટે નથી કર્યો!'' અમે પૂછ્યું, ''તો?'' બાઉલે જવાબ આપ્યો, ''આ અભ્યાસ તો અમે મનેર માનુષ માટે કર્યો છે! મનમાં પોલવાળા, છિદ્રવાળા અને છિદ્ર શોધનાર માણસો જાતે સળગવામાં અને સળગાવવામાં નિપુણ માણસો હોય છે! દ્રઢ મનોબળવાળા અને બળુકા બીજવાળા માનવી જ મનેર માનુષનું વૃક્ષ બનવામાં શ્રેષ્ઠ હોય છે.''

અમે તેના બંને આયામને વંદન કરતા રહ્યા.